IIM-Aના ફોર્મલ ડાયરેક્ટર પ્રદિપ ખાંડવાલાએ કહ્યું કે,

# ઉદ્યોગ સાથે લાગણીને જોડાય તો સામાજીક ઉદ્યોગ સાહસિકતા જન્મે

## EDII ખાતે આંત્રપ્રિન્યોરશીપ કોન્ફરન્સનો પ્રારંભ થયો

સિટી રિપોર્ટર @ahm_cb

આંત્રપ્રિન્યોશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડિયા(ઈડીઆઈઆઈ) ખાતે બુધવારે 12મી આંત્રપ્રિન્યોશીપ કોન્ફરન્સનો પ્રારંભ આઈઆઈએમના ફોર્મલ ડાયરેક્ટર પ્રદિપ ખાંડવાલના હસ્તે થયો. વિશ્વના 20 દેશોના 35 સહભાગીઓ સહિત કુલ 170 એક્સપર્ટ આ કોન્ફરન્સમાં ભાગ લઈ રહ્યા છે. ઈડીઆઈઆઈએ



સંસ્થાના શૈક્ષણિક પ્રકાશન 'ધ જર્નલ ઓફ એન્ટરપ્રેન્યોરશીપ'ની 25મી વર્ષગાંઠની ઉજવણી પણ આ પ્રસંગે કરાઈ હતી. પ્રદિપ ખાંડવાલે કોન્ફરન્સને સંબોધતા કહ્યું કે ઉદ્યોગ સાહસિકતા વિકાસશીલ દેશો માટે મહત્વપૂર્ણ છે. જ્યારે નવીનીકરણ કેન્દ્રિત ઉદ્યોગ સાહસિકતા સાથે લાગણીને જોડવામાં આવે તો સામાજિક ઉદ્યોગ સાહસિકતાનો જન્મ થાય. આનાથી સમાજ રચનાત્મક બને છે.' ધ જર્નલ ઓફ એન્ટરપ્રેનિયરશીપના એડિટર શશી મિશ્રાએ કહ્યું કે, 'કોન્ફરન્સ સંશોધકો, શિક્ષણવિદો, પ્રેક્ટિશનર્સ માટે તેમના વિચારો અને સંશોધનના પરિણામોની આપ-લે કરવા માટે તથા પ્રતિસાદો મેળવવા માટેનું મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની રહેશે.'